# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા, શહેરના કેટલાક વિસ્તારમાં સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-ર, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)ના પરવટ વિસ્તારમાં આવેલ નારાયણ નગર ઇન્ડસ્ટ્રીયલ, ગોકુલનગર, મહાલક્ષ્મી સોસાયટી, વિશ્વકર્મા સોસાયટી, મયુરનગર ઇન્ડસ્ટ્રીયલ, સંતોષનગર, એકતાનગર, રબારીવાસ, અંબિકા એપાર્ટમેન્ટ, શ્યામ રો હાઉસ, કૃષ્ણાકૃપા રો હાઉસ, શંકરનગર, ભગવતી નગર, ઈશ્વરનગર ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, બજરંગનગર સોસાયટી, ચંદ્રલોક સોસાયટી, પરસોત્તમનગર સોસાયટી, મહ`શ્વર પાર્ક, ગંગાસાગર સોસાયટી અને એપાર્ટમેન્ટ, ભક્તિનગર, સહજાનંદનગર, મહાદેવનગર, મંગલભવન, શિવાજીનગર, શિવકૃપા, મહાપ્રભુનગર ઇન્ડસ્ટ્રીયલસર્વે નં.૮ ના કુલ-૬૪૩૩ ઘરોમાં રહેતા ૨૬,૯૨૯ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./ ૪૭

તા.૦૧/૦૫/૨૦૨૦

કમિશનર

સુરત મહાનગરપાલિકા